**(1) રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ દિવસ 7 ઓગસ્ટના રોજ ઊજવવામાં આવે છે.
(2) સૌપ્રથમ વખત ચેન્નઈમાં આ દિવસ ઊજવવામાં આવ્યો હતો.
(3) 7 ઓગસ્ટ, 1905 એ સ્વદેશી ચળવળ શરૂ થઈ હોવાથી 7 ઓગસ્ટને હેન્ડલુમ દિવસ માટે પસંદ કરવામાં આવેલો છે.
(4) આ દિવસે હેન્ડલુમનું કાર્ય કરતાં સમુદાયને સન્માન આપવામાં આવે છે તથા આ ક્ષેત્રના યોગદાનને હાઈલાઈટ કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 7 ઓગસ્ટ, 2020ના છઠ્ઠા રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસના રોજ કપડાં મંત્રાલય દ્વારા એક ડિજિટલ ઊજવણી કરવામાં આવી રહી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2015માં સૌપ્રથમ રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસ ચેન્નઈમાં ઊજવવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 7 ઓગસ્ટના દિવસને રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસ પસંદ કરવાનું કારણ છે કે, આ દિવસે 1905ના રોજ સ્વદેશી ચળવળની શરૂઆત થઈ હતી. ઉપરાંત આ ચળવળ ગાંધીજીના 'સ્વદેશી' સિદ્ધાંત આધારીત હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દિવસે હેન્ડલુમનું કાર્ય કરતાં સમુદાયને સન્માન આપવામાં આવે છે તથા આ ક્ષેત્રએ ભારતના વિકાસ માટે કરેલા યોગદાનને હાઈલાઈટ કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દિવસ ઊજવવાના હેતુઓ :

- હેન્ડલુમ ઉદ્યોગ વિશેની જાગૃતતા ફેલાવવી
- ભારતના હેન્ડલુમના વારસાને સંરક્ષણ આપવું
- હેન્ડલુમ ક્ષેત્રનો ટકાઉ વિકાસ થાય તે સુનિશ્ચિત કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) તાજેતરમાં ચીનમાં જોવા મળેલાં SFTS ચેપ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) અહીં, SFTSનું પૂરુંનામ Severe Fever with throat Burning Syndrome છે.

(2) આ ચેપ ટીક (tick)ના ડંખ દ્વારા માણસમાં પ્રસરતો હોવાનું જાણવા મળ્યું છે.

(3) અગાઉ પણ આ પ્રકારનો ચેપ ચીનમાં જોવા મળેલો હતો.

(4) આ ચેપના શરૂઆતના સમયમાં સફેદ રક્તકોષની સંખ્યા ઘટી જાય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ચીનના પૂર્વ ભાગમાં **SFTS** ચેપના કેસ તથા તેના કારણે થયેલાં મૃત્યુના બનાવો સામે આવ્યા છે.

⇛ અહીં, **SFTS**નું પૂરું નામ **Severe Fever with Thrombocytopenia Syndrome** છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ચેપ **SFTS** વાયરસના કારણે ફેલાય છે. આ વાયરસ ટીકના ડંખ દ્વારા માણસમાં પ્રસરી શકે છે તેમ જાણવા મળ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ કેટલાંક પશુઓમાંથી પણ માણસમાં આ પ્રસરી શકે છે. આ પશુઓ **SFTS**થી ચેપગ્રસ્ત હોવા છતાં રોગના લક્ષણો દર્શાવતા નથી. આ પશુઓમાં બકરી, ગાય–ભેંસ, હરણ અને ઘેટાંનો સમાવેશ થાય છે.

⇛ આ વાયરસ **2009**માં પણ ચીનમાં જોવા મળ્યો હતો. ઉપરાંત તે જાપાન અને દક્ષિણ કોરીઆમાં પણ પ્રસર્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રોગ સામાન્ય રીતે માર્ચથી નવેમ્બર દરમિયાન ફેલાય છે. એપ્રિલ અને જુલાઈમાં કેસની સંખ્યા મહત્તમ જોવા મળે છે.

⇛ રોગના સામાન્ય લક્ષણો : તાવ, થકાન, ઠંડી લાગવી, માથુ દુઃખવું, અંધારા આવવા, સ્નાયુમાં દુઃખાવો, ડાયેરીયા, ઊલ્ટી, પેટમાં દુઃખાવો વગેરે.

⇛ ચેપના શરૂઆતના સમયની નિશાનીમાં **Thrombocytopenia** (પ્લેટલેટની ઓછી સંખ્યા) તથા **Leuko Cytopenia** (સફેદ રક્તકોષની સંખ્યામાં ઘટાડો) જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(3) સુનામી રેડી સમુદાય (Tsunami Ready Communities) કાર્યક્રમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) સમુદાયોના પ્રદર્શન આધારિત આ એક કાર્યક્રમ છે.
(2) આ કાર્યક્રમ UNESCO-IOC દ્વારા ચાલાવવામાં આવે છે.
(3) આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દરિયાકાંઠાના સમુદાયની સુનામી માટેની તૈયારીઓને સુધારવાનો છે.
(4) તાજેતરમાં IOC એ પ્રથમ વખત ભારતના પશ્ચિમ બંગાળમાંથી 2 સમુદાયને 'સુનામી રેડી' જાહેર કર્યા છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (3)

⇒ જવાબ :- A

**સમજૂતી :**

⇒ તાજેતરમાં યુનેસ્કો હેઠળની IOC (ઈન્ટરગવર્મેન્ટલ ઓશનોગ્રાફીક કમિશન) એ ઓડીશાના બે સમુદાય (વેંકતરાઈપુર અને નોલીઆસાહી)ને 'સુનામી રેડી' સમુદાય જાહેર કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ દ્વારા હિંદ મહાસાગર વિસ્તારમાં ભારત પ્રથમ એવો દેશ બનયો છે જેને UNESCO-IOCનું આ સન્માન મળેલું હોય. ઉપરાંત ઓડિશા આવા સમુદાય ધરાવનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે.

⇒ 'સુનામી રેડી' એ સમુદાયોના પ્રદર્શન આધારિત કાર્યક્રમ છે જેની શરૂઆત યુનેસ્કોના IOC દ્વારા કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સુનામી વિરુદ્ધ દરિયાકાંઠાના સમુદાયોની તૈયારીઓને સુધારવાનો છે જેથી જાન–માલનું નુકશાન ઘટાડી શકાય. ઉપરાંત આ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે જણાવવામાં આવેલ પ્રેક્ટિસ મુજબ સમુદાયની તૈયારીઓને એક ચોક્કસ પદ્ધતિસર વિકસાવી શકાય. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ INCOIS (ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સેન્ટર) ભારત તથા હિંદ મહાસાગરના વિસ્તારમાં (25 દેશ) સુનામીની ચેતવણીઓ આપે છે. ઉપરાંત IOC દ્વારા તેને 'સુનામી સર્વિસ પ્રોવાઈડર'ની જવાબદારી પણ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) RBI દ્વારા PSL (પ્રાયોરિટી સેક્ટર લેન્ડીંગ)માં સુધારા કરવામાં આવ્યા છે. આ પૈકી કયા-કયા સુધારાઓનો સમાવેશ નીચેના વિધાનોમાં થાય છે ?**

(1) સ્ટાર્ટ–અપને PSLનો દરજ્જા આપવામાં આવ્યો.

(2) પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર માટે ઉધારની મર્યાદા વધારવામાં આવી.

(3) ઈન્સેન્ટીવ ફ્રેમવર્કને દૂર કરવામાં આવ્યું.

(4) નાના તથા છેવાડાના ખેડૂતો તથા પછાત વર્ગ માટે લોન આપવાના ટાર્ગેટમાં વધારવામાં આવ્યો.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **RBI** એ વિવિધ નાણાકીય નિર્ણયો લીધા છે જેમાં **PSL** (પ્રાયોરિટી સેક્ટર લેન્ડીંગ)માં સુધારાઓ, સોના સામેની લોનમાં લોન ટુ વેલ્યુ રેશિયો **(LTV)**માં વધારો અને ડિજિટલ પેમેન્ટ માટે ઓનલાઈન ફરિયાદ નિવારણની શરૂઆત કરવામાં આવી છે.

⇛ છેલ્લે એપ્રિલ, **2015**માં **RBI** દ્વારા **PSL**માં સુધારો થયો હતો. ત્યારબાદ આ સુધારાઓ આવ્યા છે.

- સ્ટાર્ટ–અપને **PSL**નો દરજ્જો આપવામાં આવ્યો. (આથી, વિધાન **(1)** સાચું છે.)
- પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર (સૂર્ય ઊર્જા અને કમ્પ્રેસ્ડ બાયોગેસ એકમ) માટે ઉધારની મર્યાદા વધારવામાં આવી. (આથી, વિધાન **(2)** સાચું છે.)
- નાના તથા છેવાડાના ખેડૂતો તથા પછાત વર્ગ માટે લોન અથવા ધિરાણ આપવાના ટાર્ગેટમાં વધારો કરવામાં આવ્યો. (આથી, વિધાન **(4)** સાચું છે.)
- બેંક માટે ઈન્સેન્ટીવ ફ્રેમવર્ક લાગુ કરવામાં આવ્યું જેથી **PSL**માં ધિરાણ આપવામાં થતી ક્ષેત્રીય અસમાનતાઓ દૂર કરી શકાય. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(5) અબનીન્દ્રનાથ ટાગોર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) 7 ઓગસ્ટ, 2020ના રોજ તેની 150મી જન્મજયંતી ઊજવવામાં આવી રહી છે.

(2) તેઓ રવીન્દ્રનાથ ટાગોરના કાકા હતાં.

(3) તેમણે 'ઈન્ડિયન સોસાયટી ઓફ ઓરીયેન્ટલ આર્ટ'ની સ્થાપના કરી હતી.

(4) તેઓએ પ્રખ્યાત 'ભારતમાતા' ચિત્રની ટીકા કરી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (1), (2) અને (4)

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ અબનીન્દ્રનાથ એક પ્રસિદ્ધ ચિત્રકાર હતાં. 7 ઓગસ્ટ, 2020એ 'નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ' દ્વારા તેમની 150મી જન્મજયંતિ ઊજવાય રહી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રવીન્દ્રનાથ ટાગોર તેમના કાકા હતાં. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ તેઓ ભારતીય કલા ક્ષેત્રે સ્વદેશી મૂલયોના પ્રથમ મુખ્ય સમર્થક હતા. તેમણે પશ્ચિમી કલાનો વિરોધ કર્યો હતો.

⇒ રાજપુત તથા મુઘલ ચિત્રકલાને આધુનિક બનાવવાના તેમના વિચાર દ્વારા આધુનિક ભારતીય ચિત્રકલાનો વિકાસ તેમની 'બેંગાલ સ્કુલ ઓફ આર્ટ'માં થયો હતો.

⇒ બેંગાલ સ્કુલ ઓફ આર્ટની પહેલાં સૌ પ્રથમ તેમણે 'ઈન્ડિયન સોસાયટી ઓફ ઓરીયેન્ટલ આર્ટ'ની સ્થાપના કરી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ પ્રસિદ્ધ ચિત્ર 'ભારતમાતા' તેમનું જ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ તેઓએ ચાઈનીઝ તથા જાપાનીઝ કેલીગ્રાફીની પરંપરાને પણ પોતાની શૈલીમાં ભેળવ્યા હતાં.

⇒ ચિત્રકારની સાથે–સાથે તેઓ લેખક પણ હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT